**<u>એમ.એ.સી.પી.નં.૫૯/૨૦૨૩ નાં કામે આંક-૧ નીચે હુકમ.</u>**

(૧) આજરોજ તા.૧૪.૦૩.૨૦૨૬ નાં રોજની નેશનલ લોક અદાલતમાં પક્ષકારોએ સમાધાન પુરસીસ રજુ કરી છે અને તે સમાધાન પુરસીસ મુજબ સદર કામે **રૂા.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)** એવોર્ડ કરી આપવા પુરસીસથી જાહેર કરેલ છે તે પુરસીસના આધારે સદર અરજી સમાધાનથી ફેંસલ કરવામાં આવે છે.

(૨) સમાધાન પુરસીસમાં જણાવેલ રકમ સામાવાળાઓ/વીમા કંપની એટલે કે સામાવાળા **નં. ૪** નાએ આ હુકમથી **૩૦** દિવસમાં પૈસા **BANK OF BARODA, MAIN BRANCH, NADIAD A/C. No.**02900200000658, **IFSC; BARB**0**NADIAD** માં **RTGS** કે **NEFT** મારફતે જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામ નેશનલ લોક અદાલતમાં સમાધાનથી ફેંસલ થયેલ હોઈ કાયદાકીય જોગવાઈ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ કાપવાનો હુકમ કરવામાં આવતો નથી.

(૪) એવોર્ડની સમાધાન મુજબ ચુકવવાપાત્ર થતી રકમમાંથી એન.એફ. એલ. પેટે ચુકવાયેલ રકમ કપાત કર્યા પછી બાકી રહેતી રકમમાંથી અરજદાર નં.૧ ને ૪૦ %, અરજદાર નં. ૨ અને ૩ ને ૩૦-૩૦ % મુજબ વંહેચણી કરી, અરજદાર નં.૧ થી ૩ ના ભાગે આવતી રકમમાંથી ૫૦ ટકા રકમ તેઓના ખાતામા RTGS કે NEFT મારફતે જમા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે અને એવોર્ડની બાકી રહેતી ૫૦ % રકમ પાંચ વર્ષ માટે અરજદાર નં.૧ થી ૩ ઇચ્છે તેવી નેશનલાઇઝ બેંકમા ફીકસ ડીપોઝીટ તરીકે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) અરજદાર નં.૧ થી ૩ નાઓએ કોર્ટની પરવાનગી વગર ફીકસ ડીપોઝીટની રકમ પાકતી તારીખ પહેલા ઉપાડી શકશે નહી તેમજ તે ફીકસ ડીપોઝીટની રકમ પર કોઈ પણ જાતનો બોજો કરી શકશે નહી કે લોન લઇ શકશે નહી. અરજદાર નં.૧ થી ૩ ના નામે બેંકમાં મુકેલી ફીકસ ડીપોઝીટની રકમ ઉપરનું પીરીયોડીકલ વ્યાજ અરજદાર ઉપાડી શકશે.

(૬) **આંક-૫૭** ની સમાધાન પુરસીસ મુજબ એવોર્ડ દોરવાની હુકમ કરવામાં આવે છે.

તા.૧૪.૦૩.૨૦૨૬
સ્થળ:- નડીયાદ.

(નેશનલ લોક અદાલત)

**(મહંમદસિરાજ એલ. શેખ)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.) અને
પાંચમા અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીયાદ,
કોડ નં.જીજે-૦૦૭૪૩